# ભારતીય વાયુ સેના માટે ખરીદાયેલા અગત્યના શસ્ત્રો

## 1)અમેરિકા પાસેથી ખરીદાયેલું સી–૧૭ ગ્લોબમાસ્ટર–૩ વિમાન

- આ વિમાનની ખરીદી માટે ભારત અને અમેરિકા વચ્ચે સહમતિ અમેરિકી રાષ્ટ્રપતિ બરાક ઓબામાની નવેમ્બર – ૨૦૧૦ની ભારત યાત્રા વખતે થઈ હતી.
- આ બાબતે કેન્દ્રીય મંત્રીમંડળની સુરક્ષા સંબંધી બાબતોની સમિતિ એ ૬ જૂન, ૨૦૧૧ એ મંજુરી આપી હતી.
- ખરીદી માટેના એક ઔપચારિક "લેટર ઓફ ઓફર એન્ડ એક્સેપ્ટન્સ" પર હસ્તાક્ષર ૧૪ જૂન, ૨૦૧૧માં નવી દિલ્હી ખાતે થયા હતા.
- ૪.૧ અરબ ડોલરની આ ખરીદી ભારતની સૌથી મોટી સુરક્ષા માટે કરવામાં આવેલી ખરીદી છે.
- અમેરિકી કંપની હવે ૪ વર્ષ માટે ભારતીય વાયુસેના માટે અતિ આધુનિક એવા ગ્લોબમાસ્ટર–૩ વિમાનો બનાવશે.

❖ ***વિમાનની ખાસિયતો :***

- સી–૧૭ ગ્લોબમાસ્ટર–૩ વિમાન એ વિશાળ પરિવહન વિમાન છે, જે એક વારમાં ૧.૬૦ લાખ પાઉન્ડ જેટલું વજન ઉપાડી શકે છે.
- જો તેમાં ૯૦ હજાર પાઉન્ડ જ વજન હોય તો તે એશિયા અને યુરોપનું ચક્કર મારી શકે છે.
- ૧૮૮ સૈનિક તૈયારી સાથે બેસી શકે ઉપરાંત ૪ ટ્રકો અથવા ટેન્કોને તેમાં લઇ જઈ શકાય છે.
- એક મહત્વની વિશેષતા એ કે આ વિમાન નાના રનવે પરથી પણ ઉડાન ભરી શકે અને ઉબડ–ખાબડ વિમાન પટ્ટી પર ઉતરાણ કરી શકે છે.
- આ વિમાનને અડધા કલાકની અંદર વિભિન્ન કાર્યો માટે તૈયાર કરી શકાય છે, તેમાં મોટી હોસ્પિટલ ઉભી કરી અને ગમે ત્યાં લઇ જઈ શકાય છે.
- ભારતમાં આ વિમાન ગાઝીયાબાદમાં હિડન વાયુ સેના કેન્દ્ર પર તેનાત કરવાની વાયુસેનાની યોજના છે.

## 2)સામુદ્રિક કામો માટે ભારતની પ્રથમ માનવ રહિત પન્ડુબ્બી

- રાષ્ટ્રીય સમુદ્ર પ્રૌદ્યોગિક સંસ્થાન (NATIONAL INSTITUTE OF OCEAN TECHNOLOGY – NIOT) ના આધીન સંચાલિત આ માનવરહિત પન્ડુબ્બીની ડીઝાઇન રશિયાના એક્સપેરીમેન્ટલ ડીઝાઈન બ્યુરો ઓફ ઓશીયોનોલોજીકલ એન્જીનીયરીંગ (EDBOE) ના સહયોગથી તૈયાર કરવામાં આવી છે.

Downloaded from http://mm.rijadeja.com

- ઊંડા સાગરમાં ખનીજ સંપતિની શોધ કરવા તથા તેનું રક્ષણ કરવા હેતુ ભારત દેશનું પ્રથમ રીમોટ ઓપરેટીંગ વેહિકલ (ROV) – માનવ રહિત પન્ડુબ્બી ૧૦ ઓક્ટોબર, ૨૦૧૦ણા રોજ હિન્દ મહાસાગરમાં ઉતારવામાં આવ્યું.
- આ ROV સાગરમાં લગભગ ૬,૦૦૦ મીટરની ઉંડાઈમાં લોખંડ અને મેંગેનીઝ હાઈડ્રોક્સાઈડ ના સ્ત્રોત પોલીમેટાલીક નોડ્યુંલ્સનું અધ્યયન કરશે
- પોલીમેટાલીક નોડ્યુંલ્સને મેંગેનિઝ નોડ્યુંલ્સ પણ કહેવાય છે. જે લોખંડ અને મેંગેનીઝ હાઈડ્રોક્સાઈડના આવરણથી બનેલા હોય છે.
- સમુદ્ર વૈજ્ઞાનિકો અનુસાર ઊંડા થી ઊંડા પાણીની જૈવવિવિધતા નો અભ્યાસ ROV દ્વારા સરળ બની રહ્યો છે.
- અમેરિકા, ફ્રાંસ, જાપાન, રશિયા અને ચીન સાથે હવે ભારત પણ આ પન્ડુબ્બી ધરાવનાર દેશ બની ગયો.

## 3) મિરાજ વિમાનો માટે માઈકા મિસાઈલો

- ભારતીય વાયુસેનાના ૫૧ મિરાજ – ૨૦૦૦ વિમાનો માટે હવા થી હવામાં પ્રહાર કરવાવાળી ૪૯૦ માઈકા મિસાઈલો ફ્રાંસ પાસેથી ખરીદી.
- આ મિસાઈલો ફ્રાંસની M.B.D.A કંપની આ મિસાઈલો બનાવે છે.
- ૪૯૦ મિસાઈલોની ખરીદી માટે ૯૫ કરોડ યુરો ના કરાર પર સુરક્ષા સમિતિની મંજુરી ૪ જાન્યુઆરી, ૨૦૧૨ એ મળી.
- ભારતની રક્ષા ખરીદ નીતિ મુજબ ફ્રાંસની આ કંપની તથા કોઈ પણ વિદેશી કંપની કે જેની સાથે ભારતને ૩૦૦ કરોડ રૂપિયાથી વધુનો કરાર થાય તે કંપની ભારતના સુરક્ષા ક્ષેત્ર અથવા નાગરિક વિમાનન ક્ષેત્ર માં ફરજીયાત ૩૦% રોકાણ કરશે.

Downloaded from http://mm.rijadeja.com